## ૯

# જૈન દૃષ્ટિએ બ્રહ્મચર્યવિચાર

### જૈન દૃષ્ટિનું સ્પષ્ટીકરણ

**માત્ર** તત્ત્વજ્ઞાન કે માત્ર આચારમાં જૈન દૃષ્ટિ પૂર્ણ થતી નથી. એ તત્ત્વજ્ઞાન અને આચાર ઉભયની મર્યાદા સ્વીકારે છે. કોઈ પણ વસ્તુનો (પછી તે જડ હોય કે ચેતન)-તેની બધી બાજુઓનો-વાસ્તવિક સમન્વય કરવો એ અનેકાંતવાદ જૈન તત્ત્વજ્ઞાનનો મૂળ પાયો છે; અને રાગદ્વેષના નાનામોટા દરેક પ્રસંગોથી અલિપ્ત રહેવારૂપ નિવૃત્તિ એ સમગ્ર જૈન આચારનો મૂળ પાયો છે. અનેકાન્તવાદનું કેન્દ્ર મધ્યસ્થતામાં છે અને નિવૃત્તિ પણ મધ્યસ્થતામાંથી જ જન્મે છે, તેથી અનેકાન્તવાદ અને નિવૃત્તિ એ બન્ને એકબીજાનાં પૂરક અને પોષક છે. એ બન્ને તત્ત્વ જેટલે અંશે સમજાય અને જીવનમાં ઊતરે તેટલે અંશે જૈનધર્મનું જ્ઞાન અને પાલન થયું કહેવાય.

જૈનધર્મનું વહેણ નિવૃત્તિ તરફ છે. નિવૃત્તિ એટલે પ્રવૃત્તિની વિરોધી બીજી બાજુ. પ્રવૃત્તિનો અર્થ રાગદ્વેષના પ્રસંગોમાં ઝંપલાવવું. જીવનમાં ગૃહસ્થાશ્રમ એ રાગદ્વેષના પ્રસંગોનાં વિધાનોનું કેન્દ્ર છે. તેથી જે ધર્મમાં ગૃહસ્થાશ્રમનું વિધાન કરવામાં આવ્યું છે તે પ્રવૃત્તિધર્મ; અને જે ધર્મમાં ગૃહસ્થાશ્રમનું નહિ પણ માત્ર ત્યાગનું વિધાન છે તે નિવૃત્તિધર્મ. જૈનધર્મ એ નિવૃત્તિધર્મ હોવા છતાં તેના પાલન કરનારાઓમાં જે ગૃહસ્થાશ્રમનો વિભાગ દેખાય છે તે નિવૃત્તિની અપૂર્ણતાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લીધે. સર્વાંશે નિવૃત્તિ મેળવવા અસમર્થ વ્યક્તિઓ જેટજેટલા અંશોમાં નિવૃત્તિ સેવે તેટતેટલા અંશોમાં તેઓ જૈન છે. જે અંશોમાં નિવૃત્તિ સેવી ન શકે તે અંશોમાં પોતાની પરિસ્થિતિ પ્રમાણે વિવેકદૃષ્ટિથી તેઓ પ્રવૃત્તિ ગોઠવી લે; પણ એ પ્રવૃત્તિનું વિધાન જૈન શાસ્ત્ર નથી કરતું, તેનું વિધાન તો માત્ર નિવૃત્તિ છે. તેથી જૈનધર્મને વિધાનની દૃષ્ટિએ એકાશ્રમી કહી શકાય. તે એકાશ્રમ એટલે બ્રહ્મચર્ય અને સંન્યાસ-આશ્રમના એકીકરણરૂપ ત્યાગનો આશ્રમ.

આ જ કારણથી જૈનાચારના પ્રાણભૂત ગણાતાં અહિંસાદિ પાંચ મહાવ્રતો પણ વિરમણ( નિવૃત્તિ )રૂપ છે. ગૃહસ્થનાં અણુવ્રતો પણ વિરમણરૂપ છે. ફેર એટલો કે એકમાં સર્વાંશે નિવૃત્તિ છે અને બીજામાં અલ્પાંશે નિવૃત્તિ છે. તે નિવૃત્તિનું મુખ્ય કેન્દ્ર અહિંસા છે. હિંસાથી સર્વાંશે નિવૃત્ત થવામાં બીજાં બધાં મહાવ્રતો આવી જાય છે. હિંસાના 'પ્રાણઘાત'રૂપ અર્થ કરતાં જૈન શાસ્ત્રમાં તેનો અર્થ બહુ જ સૂક્ષ્મ અને વ્યાપક છે. બીજો કોઈ જીવ દુભાય કે નહિ, પણ મલિન વૃત્તિમાત્રથી પોતાના આત્માની શુદ્ધતા હણાય તો તે પણ હિંસા. આવી હિંસામાં દરેક જાતની સૂક્ષ્મ કે સ્થૂલ પાપવૃત્તિ આવી જાય છે. અસત્યભાષણ, અદત્તાદાન (ચૌર્ય), અબ્રહ્મ (મૈથુન અથવા કામાચાર) કે પરિગ્રહ—એ બધાંની પાછળ કાં તો અજ્ઞાન અને કાં તો લોભ, ક્રોધ, કુતૂહલ કે ભયાદિ મલિન વૃત્તિઓ પ્રેરક હોય છે જ. તેથી અસત્યાદિ બધી પ્રવૃત્તિઓ હિંસાત્મક જ છે. એવી હિંસાથી નિવૃત્ત થવું એ જ અહિંસાનું પાલન; અને તેવા પાલનમાં સહેજે બીજા બધા નિવૃત્તિગામી ધર્મો આવી જાય છે. જૈનધર્મ પ્રમાણે બાકીના બધા વિધિનિષેધો એ ઉક્ત અહિંસાના માત્ર પોષક અંગો જ છે.

ચેતના અને પુરુષાર્થ એ આત્માનાં મુખ્ય બળો છે. તે બળોનો દુરુપયોગ અટકાવવામાં આવે તો જ તેમને સદુપયોગની દિશામાં વાળી શકાય. આ કારણથી જૈનધર્મ પ્રથમ તો દોષવિરમણ (નિષિદ્ધત્યાગ)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપ શીલનું વિધાન કરે છે; પણ ચેતના અને પુરુષાર્થ એવાં નથી કે તે માત્ર અમુક દિશામાં ન જવારૂપ નિવૃત્તિ માત્રથી નિષ્ક્રિય થઈ પડ્યાં રહે. તે તો પોતાના વિકાસની ભૂખ ભાંગવા ગતિની દિશા શોધ્યા જ કરે છે. આ કારણથી જૈનધર્મે નિવૃત્તિની સાથે જ શુદ્ધ પ્રવૃત્તિ (વિહિતઆચરણરૂપ ચારિત્ર)નાં વિધાનો પણ ગોઠવ્યાં છે. તેણે કહ્યું છે કે મલિન વૃત્તિથી આત્માનો ઘાત ન થવા દેવો અને તેના રક્ષણમાં જ (સ્વદયામાં જ) બુદ્ધિ અને પુરુષાર્થનો ઉપયોગ કરવો. પ્રવૃત્તિના એ વિધાનમાંથી જ સત્યભાષણ, બ્રહ્મચર્ય, સંતોષ આદિ વિધિમાર્ગો જન્મે છે. આટલા વિવેચન ઉપરથી એ જણાશે કે જૈન દૃષ્ટિ પ્રમાણે કામાચારથી નિવૃત્તિ મેળવવી એ અહિંસાનો માત્ર એક અંશ છે અને તે અંશનું પાલન થતાં જ તેમાંથી બ્રહ્મચર્યનો વિધિમાર્ગ નીકળી આવે છે. કામાચારથી નિવૃત્તિ એ બીજ છે અને બ્રહ્મચર્ય એ તેનું પરિણામ છે.

ભગવાન મહાવીરનો ઉદ્દેશ ઉપર કહેલા નિવૃત્તિધર્મનો પ્રચાર છે, તેથી તેમના ઉદ્દેશમાં જાતિનિર્માણ, સમાજસંગઠન, આશ્રમવ્યવસ્થા આદિને સ્થાન નથી. લોકવ્યવહારની ચાલુ ભૂમિકામાંથી ગમે તે અધિકારી પોતાની શક્તિ પ્રમાણે નિવૃત્તિ લે અને કેળવે, તેમ જ તે દ્વારા મોક્ષ સાધે એ એક જ ઉદ્દેશથી ભગવાન મહાવીરના વિધિનિષેધો છે. તેથી તેમાં ગૃહસ્થાશ્રમનો કે લગ્નસંસ્થાનો વિધિ ન જ હોય એ સ્વાભાવિક છે. લગ્નસંસ્થાનું વિધાન ન હોવાથી તેને લગતી બાબતોનાં વિધાનો પણ જૈનાગમોમાં નથી.

### કેટલાક મુદ્દાઓ

જૈન સંસ્થા એ મુખ્યપણે ત્યાગીઓની સંસ્થા હોવાથી અને તેમાં ઓછાવત્તા પ્રમાણમાં ત્યાગ લેનાર વ્યક્તિઓનું મુખ્ય સ્થાન હોવાથી બ્રહ્મચર્યને વગતી પુષ્કળ માહિતી મળી આવે છે. આ સ્થળે બ્રહ્મચર્યને લગતા કેટલાક મુદ્દાઓ તારવી તે ઉપર જૈન શાસ્ત્રોના આધારે કાંઈક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખવા ધાર્યું છે. તે મુદ્દાઓ આ પ્રમાણે:

(૧) બ્રહ્મચર્યની વ્યાખ્યા. (૨) બ્રહ્મચર્યનાં અધિકારી સ્ત્રીપુરુષો. (૩) બ્રહ્મચર્યના જુદાપણાનો ઇતિહાસ. (૪) બ્રહ્મચર્યનું ધ્યેય અને તેના ઉપાયો. (૪) બ્રહ્મચર્યના સ્વરૂપની વિવિધતા અને તેની વ્યાપ્તિ. (૬) બ્રહ્મચર્યના અતિચારો. (૭) બ્રહ્મચર્યની નિરપવાદતા.

**૧. વ્યાખ્યા**

જૈન શાસ્ત્રમાં બ્રહ્મચર્ય શબ્દની બે વ્યાખ્યાઓ મળે છે. પહેલી વ્યાખ્યા બહુ વિશાળ અને સંપૂર્ણ[૧] છે. એ વ્યાખ્યા પ્રમાણે બ્રહ્મચર્ય એટલે જીવનસ્પર્શી સંપૂર્ણ સંયમ. આ સંયમમાં માત્ર પાપવૃત્તિઓ ઉપર અંકુશ મૂકવાનો જ—જૈન પરિભાષામાં કહીએ તો આસ્રવ-નિરોધનો જ—સમાવેશ નથી થતો, પણ તેવા સંપૂર્ણ સંયમમાં શ્રદ્ધા, જ્ઞાન, ક્ષમાદિ સ્વાભાવિક સદ્વૃત્તિઓના વિકાસનો સુધ્ધાં સમાવેશ થઈ જાય છે. તેથી પહેલી વ્યાખ્યા પ્રમાણે બ્રહ્મચર્ય એટલે કામક્રોધાદિ દરેક અસદ્વૃત્તિને જીવનમાં ઉદ્ભવતી અટકાવી શ્રદ્ધા, ચેતના, નિર્ભયતા આદિ સદ્વૃત્તિઓ-ઊર્ધ્વગામી ધર્મો-ને જીવનમાં પ્રગટાવી તેમાં તન્મય થવું તે.

સાધારણ લોકોમાં બ્રહ્મચર્ય શબ્દનો જે અર્થ જાણીતો છે અને જે ઉપર વર્ણવેલ સંપૂર્ણ સંયમનો માત્ર એક અંશ જ છે, તે અર્થ બ્રહ્મચર્ય શબ્દની બીજી વ્યાખ્યામાં જૈન શાસ્ત્રોએ પણ સ્વીકારેલ છે. તે વ્યાખ્યા પ્રમાણે બ્રહ્મચર્ય એટલે મૈથુનવિરમણ અર્થાત્ કામસંગનો —કામાચારનો—અબ્રહ્મનો ત્યાગ; આ બીજા અર્થમાં બ્રહ્મચર્ય શબ્દ એટલો બધો પ્રસિદ્ધ થઈ ગયો છે કે બ્રહ્મચર્ય અને બ્રહ્મચારી કહેવાથી દરેક જણ તેનો અર્થ સામાન્ય રીતે એટલો જ સમજે છે કે મૈથુન-સેવનથી દૂર રહેવું તે બ્રહ્મચર્ય; અને જીવનના બીજા અંશોમાં ગમે તેવો અસંયમ હોવા છતાં માત્ર કામસંગથી છૂટો રહેનાર હોય તે

૧. સૂત્રકૃતાંગસૂત્ર શ્રુ૦ ૨, અ૦ ૫, ગા૦ ૧. તત્ત્વાર્થભાષ્ય અ૦ ૯, સૂ૦ ૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બ્રહ્મચારી. આ બીજો અર્થ જ વ્રત–નિયમો સ્વીકારવામાં ખાસ લેવાય છે અને તેથી જ્યારે કોઈ ગૃહત્યાગ કરી ભિક્ષુ થાય અગર ઘરમાં રહી મર્યાદિત ત્યાગ સ્વીકારે, ત્યારે બ્રહ્મચર્યનો નિયમ અહિંસાના નિયમથી જુદો પાડીને જ લેવામાં આવે છે.[૧]

## ૨. અધિકારી અને વિશિષ્ટ સ્ત્રીપુરુષો

અ. સ્ત્રી કે પુરુષ જાતિનો જરાયે ભેદ રાખ્યા સિવાય બન્નેને એકસરખી રીતે બ્રહ્મચર્ય માટે અધિકારી માનવામાં આવ્યાં છે. તે માટે ઉંમર, દેશ, કાલ વગેરેનો કશો જ પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી. આ માટે સ્મૃતિઓમાં જુદો જ મત બતાવેલો છે. તેમાં આ જાતના સમાન અધિકારોનો અસ્વીકાર કરેલો છે. બ્રહ્મચર્ય માટે જોઈતું આત્મબલ સ્ત્રી અને પુરુષ બન્ને એકસરખી રીતે પ્રગટ કરી શકે છે, એ બાબતમાં જૈન શાસ્ત્ર અને બૌદ્ધ શાસ્ત્રનો મત એક છે. આ જ કારણથી વિશુદ્ધ બ્રહ્મચર્યને પાલન કરનારી અનેક સ્ત્રીઓમાંથી સોળ સ્ત્રીઓ મહાસતી તરીકે એકેએક જૈન ઘરમાં જાણીતી છે અને પ્રાતઃકાળમાં આબાલવૃદ્ધ દરેક જૈન કેટલાક વિશિષ્ટ સત્પુરુષોનાં નામોની સાથે એ મહાસતીઓનાં નામોનો પણ પાઠ કરે છે, અને તેઓના સ્મરણને પરમમંગળ માને છે.

આ. કેટલાંક બ્રહ્મચારીઓ અને બ્રહ્મચારિણીઓ બ્રહ્મચર્ય-જીવનમાં શિથિલ થયાના દાખલા છે; તેમ તેથીયે વધારે આકર્ષક દાખલાઓ બ્રહ્મચર્યમાં અદ્ભુત સ્થિરતા બતાવનાર સ્ત્રીપુરુષોના છે. એવાઓમાં માત્ર ત્યાગી વ્યક્તિઓ જ નહિ, પણ ગૃહસ્થાશ્રમમાં રહેલી વ્યક્તિઓ પણ આવે છે. બિમ્બિસાર શ્રેણિક રાજાનો પુત્ર ભિક્ષુ નન્દિષેણ માત્ર કામરાગને વશ થઈ બ્રહ્મચર્યથી ચ્યુત થઈ બાર વર્ષ ફરી ભોગજીવન સ્વીકારે છે. આષાઢભૂતિ નામક મુનિએ પણ

૧. અહિંસા તથા બ્રહ્મચર્યના પાલનની પ્રતિજ્ઞા માટે જુઓ પાક્ષિકસૂત્ર પૃ૦ ૮ તથા ૨૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમ જ કરેલું. આર્દ્રકુમાર નામનો રાજપુત્ર બ્રહ્મચર્યજીવનથી શિથિલ થઈ ચોવીસ વર્ષ સુધી ફરી ગૃહસ્થાશ્રમ તરફ વળે છે; અને છેવટે એકવાર ચલિત થયેલા આ ત્રણે મુનિઓ પાછા બેવડા બળથી બ્રહ્મચર્યમાં સ્થિર થાય છે. આથી ઊલટું, ભગવાન મહાવીરના પટ્ટધર શિષ્ય શ્રી સુધર્મા ગુરુ પાસેથી વર્તમાન જૈનાગમોને ઝીલનાર તરીકે પ્રસિદ્ધ થયેલ શ્રી જંબૂ નામક વૈશ્યકુમાર પરણવાને દિવસે જ પોતાની આઠ સ્ત્રીઓને, તેઓનું અત્યંત આકર્ષણ છતાં, છોડીને તારુણ્યમાં જ સર્વથા બ્રહ્મચર્ય સ્વીકારે છે, અને એ અદ્ભુત અને અખંડ પ્રતિજ્ઞા વડે આઠે નવપરિણીત બાળાઓને પોતાને માર્ગે આવવા પ્રેરે છે. કોશા નામક વેશ્યાના પ્રલોભક હાવભાવો અને રસપૂર્ણ ભોજન છતાં, તેમ જ તેને જ ઘેર એકાન્તવાસ છતાં, નન્દમન્ત્રી સકડાળના પુત્ર સ્થૂલભદ્રે પોતાના બ્રહ્મચર્યને જરાયે આંચ આવવા દીધી નહિ અને તેને પ્રભાવે એ કોશાને પાકી બ્રહ્મચારિણી બનાવી.

જૈનોના પરમપૂજ્ય તીર્થંકરોમાં સ્થાન પામેલ મલ્લિ એ જાતે સ્ત્રી હતાં. તેઓએ કૌમાર અવસ્થામાં પોતાની ઉપર આસક્ત થઈ પરણવા આવેલા છ રાજકુમારોને માર્મિક ઉપદેશ આપી વિરક્ત બનાવ્યા અને છેવટે બ્રહ્મચર્ય લેવરાવી પોતાના અનુયાયી બનાવી ગુરુપદ માટે સ્ત્રીજાતિની યોગ્યતા સાબિત કર્યાની વાત જૈનોમાં ખૂબ જાણીતી છે.

બાવીસમા તીર્થંકર નેમિનાથે ચોરીમાં ફેરા ફર્યા પહેલાં જ ત્યાગેલી અને પછી સાધ્વી થયેલી રાજકુમારી રાજીમતીએ ગિરનારની ગુફાના એકાન્તમાં પોતાના સૌન્દર્યને જોઈ બ્રહ્મચર્યથી ચલિત થતા સાધુ અને પૂર્વાશ્રમના દિયર રથનેમિને બ્રહ્મચર્યમાં સ્થિર થવા જે માર્મિક ઉપદેશ આપ્યો છે અને તે વડે રથનેમિને પાછા સ્થિર કરી હમેશને માટે સ્ત્રીજાતિ ઉપર મુકાતા ચંચળતા અને અબલાત્વના આરોપને દૂર કરી ધીર સાધકોમાં જે વિશિષ્ટ નામના મેળવી છે તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંભળતાં અને વાંચતાં આજે પણ બ્રહ્મચર્યના ઉમેદવારોને અદ્ભુત ધૈર્ય અર્પે છે.

બ્રહ્મચારિણી શ્રાવિકા થયા પછી કોશા વેશ્યાએ પોતાને ત્યાં આવેલા અને ચંચળ મનના થયેલા શ્રી સ્થૂલભદ્રના એક ગુરુભાઈને જે શિખામણ આપી સ્થિર કર્યાની વાત નોંધાઈ છે, તે પડતા પુરુષને એક ભારે કામ આપે તેવી અને સ્ત્રીજાતિનું ગૌરવ વધારે તેવી છે.

પણ આ બધાઓમાં સૌથી ચડે તેવો દાખલો વિજય શેઠ અને વિજયા શેઠાણીનો છે. એ બન્ને દમ્પતી પરણ્યાં ત્યારથી જ એકશયનશાયી છતાં પોતપોતાની, શુક્લ અને કૃષ્ણ પક્ષમાં બ્રહ્મચર્ય પાળવાની પ્રથમ લીધેલ જુદીજુદી પ્રતિજ્ઞા પ્રમાણે એમાં પ્રસન્નતાપૂર્વક આખી જિંદગી અડગ રહ્યાં અને હંમેશને માટે સ્મરણીય બની ગયાં. એ દંપતીની દૃઢતા, પ્રથમ દંપતી અને પાછળથી ભિક્ષુકજીવનમાં આવેલ બૌદ્ધ ભિક્ષુ મહાકાશ્યપ અને ભિક્ષુણી ભદ્રાકપિલાની[1] અલૌકિક દૃઢતાને યાદ કરાવે છે. આવાં અનેક આખ્યાનો જૈન સાહિત્યમાં નોંધાયેલાં છે. એમાં બ્રહ્મચર્યથી ચલિત થતા પુરુષને સ્ત્રી દ્વારા સ્થિર કરાયાના જેવા ઓજસ્વી દાખલાઓ છે તેવા ઓજસ્વી દાખલાઓ ચલિત થતી સ્ત્રીને પુરુષ દ્વારા સ્થિર કરાયાના નથી, અથવા તદ્દન વિરલ છે.

### ૩. બ્રહ્મચર્યના જુદાપણાનો ઇતિહાસ

જૈન પરંપરામાં ચાર અને પાંચ યામોના (મહાવ્રતોના) અનેક ઉલ્લેખો મળે છે. સૂત્રોમાં આવેલાં વર્ણનો[2] ઉપરથી સમજાય છે કે ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં ચાર યામો (મહાવ્રતો) નો પ્રચાર હતો, અને શ્રીમહાવીર ભગવાને તેમાં એક યામ (મહાવ્રત) વધારી પંચયામિક

૧. જુઓ બૌદ્ધ સંઘનો પરિચય પૃ૦ ૧૯૦ તથા ૨૭૪.

૨. સ્થાનાંગસૂત્ર પૃ૦ ૨૦૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મનો ઉપદેશ કર્યો. આચારાંગસૂત્રમાં ધર્મનાં ત્રણ યામો[1] પણ કહેલા છે. એની વ્યાખ્યા જોતાં એમ લાગે છે કે ત્રણ યામની પરંપરા પણ જૈનસંમત હોય. આનો અર્થ એમ થયો કે કોઈ જમાનામાં જૈન પરંપરામાં ( ૧ ) હિંસાનો ત્યાગ, ( ૨ ) અસત્યનો ત્યાગ અને ( ૩ ) પરિગ્રહનો ત્યાગ એમ ત્રણ જ યામો હતા. પછી એમાં ચૌર્યનો ત્યાગ ઉમેરાઈ ત્રણના ચાર યામ થયા; અને છેલ્લે કામાચારના ત્યાગનો યામ વધારી ભગવાન મહાવીરે ચારના પાંચ યામ કર્યાં. આ રીતે ભગવાન મહાવીરના સમયથી અને એમના જ શ્રીમુખે ઉપદેશાયેલું બ્રહ્મચર્યનું જુદાપણું જૈન પરંપરામાં જાણીતું છે. જે સમયે ત્રણ કે ચાર યામો હતા તે સમયે પણ પાલન તો પાંચનું થતું હતું. ફક્ત એ સમયના વિચક્ષણ અને સરળ મુમુક્ષુઓ ચૌર્ય અને કામાચારને પરિગ્રહરૂપ સમજી લેતા, અને પરિગ્રહનો ત્યાગ કરતાં જ તે બન્નેનો પણ ત્યાગ આપોઆપ થઈ જતો. પાર્શ્વનાથની પરંપરા સુધી તો કામાચારનો ત્યાગ પરિગ્રહના ત્યાગમાં જ આવી જતો અને એથી એનું જુદું વિધાન નહિ થયેલું, પણ આમ કામાચારના ત્યાગના જુદા વિધાનને અભાવે શ્રમણ સંપ્રદાયમાં બ્રહ્મચર્યનું શૈથિલ્ય આવ્યું અને કેટલાક તો એવા અનિષ્ટ વાતાવરણમાં પડવા પણ લાગ્યા. એથી જ ભગવાન મહાવીરે પરિગ્રહ-ત્યાગમાં સમાસ પામતા કામાચારત્યાગને પણ એક ખાસ મહાવ્રત તરીકે જુદો ઉપદેશ્યો.

### ૪. બ્રહ્મચર્યનું ધ્યેય અને તેના ઉપાયો

જૈનધર્મમાં અન્ય તમામ વ્રતનિયમોની પેઠે બ્રહ્મચર્યનું સાધ્ય પણ માત્ર મોક્ષ છે. જગતની દૃષ્ટિએ મહત્ત્વની ગણાતી ગમે તે બાબત બ્રહ્મચર્યથી સિદ્ધ થઈ શકતી હોય, પણ જો તેનાથી મોક્ષ સાધવામાં ન આવે તો જૈન દૃષ્ટિ પ્રમાણે એ બ્રહ્મચર્ય લોકોત્તર ( આધ્યાત્મિક ) નથી. જૈન દૃષ્ટિ પ્રમાણે મોક્ષમાં ઉપયોગી થતી વસ્તુ જ સાચું મહત્ત્વ

---

૧. આચારાંગ શ્રુ૦ ૧, અ૦ ૮, ઉ૦ ૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધરાવે છે. શરીરસ્વાસ્થ્ય, સમાજબળ આદિ ઉદ્દેશો ખરા મોક્ષસાધક આદર્શ બ્રહ્મચર્યમાંથી સ્વતઃ સિદ્ધ થઈ જાય છે.

બ્રહ્મચર્યને સંપૂર્ણપણે સિદ્ધ કરવા બે માર્ગો નક્કી કરવામાં આવ્યા છે : પહેલો ક્રિયામાર્ગ અને બીજો જ્ઞાનમાર્ગ. ક્રિયામાર્ગ, વિરોધી કામસંસ્કારને ઉત્તેજિત થતો અટકાવી તેના સ્થૂલ વિકારવિષને બ્રહ્મચર્ય-જીવનમાં પ્રવેશવા નથી દેતો; અર્થાત્ તેની નિષેધબાજુ સિદ્ધ કરે છે; પણ તેનાથી કામસંસ્કાર નિર્મૂળ થતો નથી. જ્ઞાનમાર્ગ એ કામસંસ્કારને નિર્મૂળ કરી બ્રહ્મચર્યને સર્વથા અને સર્વદા સ્વાભાવિક જેવું કરી મૂકે છે; અર્થાત્ તેની વિધિબાજુ સિદ્ધ કરે છે. જૈન પરિભાષામાં કહીએ તો ક્રિયામાર્ગથી બ્રહ્મચર્ય ઔપશમિકભાવે સિદ્ધ થાય છે, અને જ્ઞાનમાર્ગથી ક્ષાયિકભાવે સિદ્ધ થાય છે. ક્રિયામાર્ગનું કાર્ય જ્ઞાનમાર્ગની મહત્ત્વની ભૂમિકા તૈયાર કરવાનું હોવાથી તે માર્ગ વસ્તુતઃ અપૂર્ણ છતાં પણ બહુ ઉપયોગી મનાયો છે, અને દરેક સાધક માટે પ્રથમ આવશ્યક હોવાથી તેના ઉપર જૈન શાસ્ત્રમાં બહુ જ ભાર મૂકવામાં આવ્યો છે. એ ક્રિયામાર્ગમાં બાહ્ય નિયમોનો સમાવેશ થાય છે. એ નિયમોનું નામ ગુપ્તિ છે. ગુપ્તિ એટલે રક્ષાનું સાધન, અર્થાત્ વાડ. એવી ગુપ્તિઓ નવ ગણાવવામાં આવી છે. એક વધુ નિયમ એ ગુપ્તિઓમાં ઉમેરી એમને જ બ્રહ્મચર્યનાં દશ સમાધિસ્થાનક તરીકે વર્ણવવામાં આવ્યાં છે.

ક્રિયામાર્ગમાં આવતાં દશ સમાધિસ્થાનોનું વર્ણન ઉત્તરાધ્યયન સૂત્રના સોળમાં અધ્યયનમાં બહુ માર્મિક રીતે કરવામાં આવ્યું છે. તેનો સાર આ પ્રમાણે છે :

(૧) દિવ્ય કે માનુષી સ્ત્રીના, બકરી, ઘેટી વગેરે પશુના અને નપુંસકના સંસર્ગવાળાં શયન, આસન અને રહેઠાણ વગેરેનો ઉપયોગ ન કરવો.

(૨) એકલા એકલી સ્ત્રીઓની સાથે સંભાષણ ન કરવું. માત્ર સ્ત્રીઓને કથાવાર્તા વગેરે ન કહેવાં અને સ્ત્રીકથા ન કરવી, એટલે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ત્રીનાં જાતિ, કુળ, રૂપ અને વેશ વગેરેનું વર્ણન કે વિવેચન ન કરવું.

(૩) સ્ત્રીઓની સાથે એક આસને ન બેસવું. જે આસને સ્ત્રી બેઠેલી હોય ત્યાં તેના ઊઠયા પછી પણ બે ઘડી સુધી ન બેસવું.

(૪) સ્ત્રીઓનાં મનોહર નયન, નાસિકા વગેરે ઇન્દ્રિયોનું વા તેઓનાં અંગોપાંગનું અવલોકન ન કરવું અને તે વિશેનું ચિંતન–સ્મરણ પણ વર્જવું.

(૫) સ્ત્રીઓના રતિપ્રસંગના અવ્યક્ત શબ્દો, રતિકલહના શબ્દો, ગીતના ધ્વનિઓ, હાસ્યના કિલકિલાટો, ક્રીડાના શબ્દો અને વિરહ સમયે રુદનના શબ્દો પડદા પાછળ રહીને કે ભીંતની આડમાં રહીને પણ ન સાંભળવા.

(૬) પૂર્વે અનુભવેલી, આચરેલી કે સાંભળેલી રતિક્રીડા, કામક્રીડા વગેરે ન સંભારવાં.

(૭) ધાતુને વધારનારાં પૌષ્ટિક ખાનપાન ન લેવાં.

(૮) સાદું ખાનપાન પણ પ્રમાણથી અધિક ન લેવું.

(૯) શણગાર ન સજવો; એટલે કે કામરાગને ઉદ્દેશીને સ્નાન, વિલેપન, ધૂપ, માલ્ય, વિભૂષણ કે વેશ વગેરેની રચના ન કરવી.

(૧૦) જે શબ્દો, રૂપો, રસો, ગંધો અને સ્પર્શો કામગુણને જ પોષનારાં હોય તેઓને વર્જવાં.

આ ઉપરાંત કામોદ્દીપક હાસ્ય ન કરવું, સ્ત્રીનાં ચિત્રો ન રાખવાં, ન જોવાં, અબ્રહ્મચારીનો સંગ ન કરવો વગેરે બ્રહ્મચારીએ ન કરવા જેવી બીજી અનેક જાતની ક્રિયાઓ આ દશ સ્થાનોમાં સમાઈ જાય છે.

સૂત્રકાર કહે છે કે પૂર્વોક્ત નિષિદ્ધ પ્રવૃત્તિમાંની કોઈ પણ પ્રવૃત્તિ કરનાર બ્રહ્મચારી પોતાનું બ્રહ્મચર્ય તો ખોશે જ, તદુપરાંત એને કામજન્ય માનસિક કે શારીરિક રોગો પણ થવાનો સંભવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### ૫. બ્રહ્મચર્યના સ્વરૂપની વિવિધતા અને તેની વ્યાપ્તિ

ઉપર આપેલી બીજી વ્યાખ્યા પ્રમાણે કામસંગના ત્યાગરૂપ બ્રહ્મચર્યનો જે ભાવ સાધારણ લોકો સમજે છે તે કરતાં ઘણો સૂક્ષ્મ અને વ્યાપક ભાવ જૈન શાસ્ત્રોમાં લેવાયો છે. જ્યારે કોઈ વ્યક્તિ જૈનધર્મની મુનિદીક્ષા લે છે ત્યારે તે વ્યક્તિ વડે લેવાતી પાંચ પ્રતિજ્ઞાઓમાં ચોથી પ્રતિજ્ઞારૂપે એવા ભાવના બ્રહ્મચર્યનો સ્વીકાર કરવામાં આવે છે. એ પ્રતિજ્ઞા આ પ્રમાણે છે: હે પૂજ્ય ગુરો! હું સર્વ મૈથુનનો પરિત્યાગ કરું છું; અર્થાત્ દૈવી, માનુષી કે તૈર્યંચી (પશુપક્ષી સંબંધી) કોઈ પણ જાતના મૈથુનને હું મનથી, વાણીથી અને શરીરથી, જીવનપર્યંત નહિ સેવું, તેમ જ મનથી વચનથી અને શરીરથી ત્રણ પ્રકારે બીજા પાસે જીવનપર્યંત સેવરાવીશ નહિ અને બીજો કોઈ મૈથુન સેવતો હશે તો તેમાં હું એ જ ત્રણ પ્રકારે જીવન-પર્યંત અનુમતિ પણ નહિ આપું.

જોકે મુનિદીક્ષામાં સ્થાન પામેલ ઉપર વર્ણવેલું નવ પ્રકારનું બ્રહ્મચર્ય જ બીજી વ્યાખ્યા પ્રમાણેના બ્રહ્મચર્યનું અંતિમ અને સંપૂર્ણ સ્વરૂપ છે, છતાં તેવા એક જ પ્રકારના બ્રહ્મચર્યને દરેક પાસે પળાવ-વાનો દુરાગ્રહ કે મિથ્યા આશા જૈન આચાર્યોએ નથી રાખ્યાં. પૂર્ણ શક્તિ ધરાવનાર વ્યક્તિ હોય તો બ્રહ્મચર્યનો સંપૂર્ણ આદર્શ સચવાય; અને અલ્પશક્તિ અને અશક્તિવાળી હોય તો પૂર્ણ આદર્શને નામે દંભ ચાલવા ન પામે એવા સ્પષ્ટ ઉદ્દેશથી, શક્તિ અને ભાવનાની ઓછીવત્તી યોગ્યતા ધ્યાનમાં રાખી, જૈન આચાર્યોએ અસંપૂર્ણ બ્રહ્મ-ચર્ય પણ ઉપદેશ્યું છે. જેમ સંપૂર્ણતામાં ભેદને અવકાશ નથી તેમ અસંપૂર્ણતામાં અભેદનો સંભવ જ નથી. તેથી અપૂર્ણ બ્રહ્મચર્યના અનેક પ્રકારો થઈ જાય અને તેને લીધે તેના વ્રતનિયમોની પ્રતિજ્ઞાઓ પણ જુદી જુદી હોય તે સ્વાભાવિક છે. આવા અસંપૂર્ણ બ્રહ્મચર્યના ઓગણપચાસ પ્રકારો જૈન શાસ્ત્રોમાં કલ્પાયેલા છે, અને અધિકારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાંથી પોતાની શક્તિ પ્રમાણે નિયમ સ્વીકારે છે. મુનિદીક્ષાના સંપૂર્ણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવા અસમર્થ અને છતાં તેવી પ્રતિજ્ઞાના આદર્શને પસંદ કરી તે દિશામાં પ્રગતિ કરવા ઇચ્છનાર ઉમેદવાર ગૃહસ્થો પોતપોતાની શક્તિ અને રુચિ પ્રમાણે એ ઓગણપચાસ પ્રકારોમાંથી કોઈ ને કોઈ જાતના બ્રહ્મચર્યનો નિયમ લઈ શકે તેવી વિવિધ પ્રતિજ્ઞાઓ જૈન શાસ્ત્રો પૂરી પાડે છે. આ રીતે વાસ્તવિક અને આદર્શ બ્રહ્મચર્યમાં ભેદ ન હોવા છતાં વ્યાવહારિક જીવનની દૃષ્ટિએ તેના સ્વરૂપની વિવિધતા જૈન શાસ્ત્રોમાં બહુ વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવી છે.

સર્વબ્રહ્મચર્ય તે નવે પ્રકારનું બ્રહ્મચર્ય અને દેશબ્રહ્મચર્ય તે આંશિક બ્રહ્મચર્ય. તેનું વધારે સ્વરૂપ આ પ્રમાણે છે : મન, વચન અને શરીર એ પ્રત્યેક દ્વારા સેવવું, સેવરાવવું અને સેવનની અનુમતિ આપવી એ નવે કોટીથી સર્વબ્રહ્મચારીને કામાચારનો ત્યાગ હોય છે. સાધુ કે સાધ્વી તો સંસારનો ત્યાગ કરતાં જ એ નવે કોટીના પૂર્ણ બ્રહ્મચર્યનો નિયમ લે છે અને ગૃહસ્થ પણ તેનો અધિકારી થઈ શકે છે. પૂર્ણ બ્રહ્મચર્યની એ નવે કોટી ઉપરાંત એ પ્રત્યેક કોટીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદા પણ છે. એ દરેક મર્યાદા ક્રમશઃ આ પ્રમાણે છે : કોઈ પણ સજીવ કે નિર્જીવ આકૃતિઓ સાથે નવે કોટીથી કામાચારનો નિષેધ એ દ્રવ્યમર્યાદા. ઉપરનો લોક, નીચેનો લોક અને તિરછો લોક એ ત્રણેમાં નવે કોટીએ કામાચારનો ત્યાગ એ ક્ષેત્રમર્યાદા. દિવસે, રાત્રીએ કે એ સમયના કોઈ ભાગમાં એ જ નવે કોટીથી કામાચારનો નિષેધ એ કાળમર્યાદા. અને રાગ કે દ્વેષથી એટલે માયા, લોભ, દ્વેષ કે અહંકારના ભાવથી કામાચારનો નવે કોટીથી ત્યાગ એ ભાવમર્યાદા. આંશિક બ્રહ્મચર્યનો અધિકારી ગૃહસ્થ જ હોય છે. એને પોતાના કુટુંબ ઉપરાંત સામાજિક જવાબદારી હોય છે, અને પશુપક્ષીના પાલનની પણ ચિંતા હોય છે. એટલે એને વિવાહ કરવા–કરાવવાના પ્રસંગો અને પશુ-પક્ષીને ગર્ભાધાન કરાવવાના પ્રસંગો આવ્યા જ કરે છે. આ કારણથી ગૃહસ્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ નવે કોટીનું બ્રહ્મચર્ય બહુ વિરલ રીતે પાળી શકે છે. આગળ જે નવ કોટીઓ બતાવી છે તેમાંની મન, વચન અને શરીરથી અનુમતિ આપવાની ત્રણ કોટીઓ એને નથી હોતી; અર્થાત્ એનું ઉત્તમ બ્રહ્મચર્ય બાકીની છયે કોટીએ લીધેલું હોય છે. આંશિક બ્રહ્મચર્ય લેવાની આ છ પદ્ધતિઓ છે :

(૧) દ્વિવિધે ત્રિવિધે, (૨) દ્વિવિધે દ્વિવિધે, (૩) દ્વિવિધે એકવિધે, તથા (૪) એકવિધે ત્રિવિધે, (૫) એકવિધે દ્વિવિધે, (૬) એકવિધે એકવિધે. આમાંના કોઈ એક પ્રકારને ગૃહસ્થ પોતાની શક્તિ પ્રમાણે બ્રહ્મચર્ય માટે સ્વીકારે છે. દ્વિવિધે એટલે કરવું અને કરાવવું એ અપેક્ષાએ અને ત્રિવિધે એટલે મન, વચન અને શરીરથી; અર્થાત્ મનથી કરવા–કરાવવાનો ત્યાગ, વચનથી કરવા–કરાવવાનો ત્યાગ અને શરીરથી કરવા–કરાવવનો ત્યાગ. એ પ્રથમ પદ્ધતિ છે. આ જ રીતે બધી પદ્ધતિઓ લેવાની છે.

### ૬. બ્રહ્મચર્યના અતિચારો

કોઈ પણ પ્રતિજ્ઞાને લગતાં ચાર દૂષણો હોય છે. તેમાં લૌકિક દૃષ્ટિથી દૂષિતપણાનું તારતમ્ય માનવામાં આવે છે. એ ચારે પ્રતિજ્ઞાના ઘાતક તો છે જ, પણ વ્યવહાર તો પ્રતિજ્ઞાના દૃશ્ય ઘાતને જ ઘાત માને છે. એ ચારનાં નામ અને સ્વરૂપ આ પ્રમાણે છે :

(૧) પ્રતિજ્ઞાનો અતિક્રમ કરવો એટલે પ્રતિજ્ઞાના ભંગનો માનસિક સંકલ્પ કરવો.

(૨) પ્રતિજ્ઞાનો વ્યતિક્રમ કરવો એટલે એ સંકલ્પની સહાયક સામગ્રીના સંયોગની યોજના કરવી. આ બન્ને દૂષણરૂપ હોવા છતાં વ્યવહાર એ બન્નેને ક્ષમ્ય ગણે છે, અર્થાત્ મનુષ્યની અપૂર્ણ ભૂમિકા અને તેની આસપાસનું વાતાવરણ જોતાં એ બન્ને દોષો ચલાવી લેવાય ખરા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) પણ જે પ્રવૃત્તિને લીધે વ્યવહારમાં પણ લીધેલી પ્રતિજ્ઞાનો આંશિક ભંગ મનાય, અર્થાત્ જે પ્રવૃત્તિ વડે મનુષ્યનું વર્તન વ્યવહારમાં દૂષિત મનાય તે પ્રવૃત્તિને ત્યાજ્ય માનવામાં આવી છે. એવી પ્રવૃત્તિનું જ નામ અતિચાર વા દોષ છે, અને એ ત્રીજો દોષ ગણાય છે.

(૪) અનાચાર એટલે પ્રતિજ્ઞાનો સર્વથા નાશ. એ મહાદોષ છે.

શાસ્ત્રકાર કહે છે કે ગૃહસ્થના શીલના પાંચ અતિચાર છે: (૧) ઇત્વરપરિગૃહીતાગમન, (૨) અપરિગૃહીતાગમન, (૩) અનંગક્રીડા, (૪) પરવિવાહકરણ, (૫) કામભોગોમાં તીવ્ર અભિલાષ.

આ પાંચે પ્રકારની પ્રવૃત્તિ સ્વદારસંતોષી ગૃહસ્થના શીલને દૂષણરૂપ છે. કોઈ પણ ગૃહસ્થ સ્વદારસંતોષને પૂરેપૂરો વફાદાર રહે તો એ પાંચમાંની એક પણ પ્રવૃત્તિને કદી પણ નહિ આચરે.

### ૭. બ્રહ્મચર્યની નિરપવાદતા

અહિંસા, સત્ય, અસ્તેય વગેરે મહાવ્રતો સાપવાદ છે, પરંતુ માત્ર એક બ્રહ્મચર્ય જ નિરપવાદ છે. અહિંસા વ્રત સાપવાદ છે એટલે સર્વ પ્રકારે અહિંસાનો પાલક કોઈ ખાસ વિશિષ્ટ લાભના ઉદ્દેશથી હિંસાની પ્રવૃત્તિમાં ઊતરે છતાં તેના વ્રતનો ભંગ નથી મનાતો. કેટલાક તો પ્રસંગો જ એવા છે કે જેને લઈને એ અહિંસક હિંસા ન જ કરે યા હિંસામાં પ્રવૃત્ત ન જ થાય તો તેને વિરાધક પણ માનેલો છે.[1] વિરાધક એટલે જૈન આજ્ઞાનો લોપક. આવી જ સ્થિતિ સત્યવ્રત અને અસ્તેયાદિ વ્રતમાં પણ ઘટાવવાની છે. પણ બ્રહ્મચર્યમાં તો આવો એક પણ અપવાદ નથી. જેણે જે જાતનું બ્રહ્મચર્ય સ્વીકાર્યું હોય તેણે વિના અપવાદે તેવું ને તેવું જ આચરવાનું છે.

બીજાના આધ્યાત્મિક હિતની દૃષ્ટિ લક્ષ્યમાં રાખીને અહિંસાદિનો અપવાદ કરનારો તટસ્થ યા વીતરાગ રહી શકે છે; બ્રહ્મચર્યના અપ-

૧. તિલકાચાર્યકૃત જીતકલ્પવૃત્તિ પૃ૦ ૩૫-૩૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાદમાં એવો સંભવ જ નથી; એવો પ્રસંગ તો રાગ, મોહ કે દ્વેષને જ આધીન છે. વળી, એવો કામાચારનો પ્રસંગ કોઈના આધ્યાત્મિક હિતને માટે પણ સંભવી નથી શકતો. આવા જ કારણથી બ્રહ્મચર્યના પાલનનું નિરપવાદ વિધાન કરવામાં આવ્યું છે અને એ માટે દરેક જાતના ઉપાયો પણ બતાવવામાં આવ્યા છે. બ્રહ્મચર્યનો ભંગ કરનારાને પ્રાયશ્ચિત્ત તો આકરાં છે જ, તેમાં પણ જે જેટલે ઊંચે દરજ્જેથી બ્રહ્મચર્યની વિરાધના કરે છે તેને તેના દરજ્જા પ્રમાણે તીવ્ર, તીવ્રતર, તીવ્રતમ પ્રાયશ્ચિત્ત કહેલાં છે. જેમ કે, કોઈ સાધારણ ક્ષુલ્લક સાધુ અજ્ઞાન અને મોહને વશ થઈ બ્રહ્મચર્યની વિરાધના કરે તો તેનું પ્રાયશ્ચિત્ત એના ક્ષુલ્લક અધિકાર પ્રમાણે યોજેલું છે. અને ગીતાર્થ (સિદ્ધાંતનો પારગામી અને સર્વમાન્ય) આચાર્ય આવી ભૂલ કરે તો તેનું પ્રાયશ્ચિત્ત પેલા ક્ષુલ્લક સાધુ કરતાં અનેકગણું વધારે કહેલું છે. લોકોમાં પણ આ જ ન્યાય પ્રચલિત છે. કોઈ તદ્દન સામાન્ય માણસ આવી ભૂલ કરે તો સમાજ એ વિષે લગભગ બેદરકાર જેવો રહે છે, પણ કોઈ કુલીન અને આદર્શ કોટીનો માણસ આ પ્રસંગને અંગે સાધારણ પણ ભૂલ કરે તો સમાજ તેને કદાપિ સાંખી લેતો નથી.[1]

[દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૫૦૭-૫૧૫, ૫૧૭-૫૨૧, ૫૨૪-૫૨૭, ૫૩૩, ૫૩૪]

૧. આ લેખના સહલેખક શ્રી બેચરદાસજી દોશી પણ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org